ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓને તાકીદના
અને લોકોપયોગી અગત્યના કામો માટે
વાર્ષિક વિવેકાધિન રકમ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૨-ન.બા.-૧-જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૯/૯/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક પરચ-૧૦૨૦૧૨-ન.બા.-૧-જ, તા.૨૯/3/૨૦૧૨

(૨) વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ વિક-પં.યુ.૩-વશી-૨૦૧૨-, તા.૧૬/૫/૨૦૧૨

(3) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૨-ન.બા.-૧-જ, તા.૧૬/૮/૨૦૧૨

આમુખઃ-

રાજયમાં પંચાયતીરાજ વ્યવસ્થાના અમલીકરણને ૫૦ વર્ષ પુરા થતા હોવાથી સને ૨૦૧૨ના વર્ષને પંચાયતીરાજ સ્વર્ણિમ જયંતી વર્ષ તરીકે ઉજવવાનો રાજય સરકારે નિર્ણય કરેલ છે અને આ ઉજવણીના હેતુ માટે સને ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇમાંથી ખર્ચ કરવા માટેની વહીવટી મંજૂરી આપતા હુકમો વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના તા.૨૯/3/૨૦૧૨ના ઠરાવથી કરવામાં આવેલ છે. સ્વર્ણિમ જયંતી વર્ષની ઉજવણી માટેના કાર્યક્રમોની રૂપરેખા ઘડવા માટેની દરખાસ્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના તા.૧૬/૫/૨૦૧૨ના વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્રથી મળેલ છે. આ દરખાસ્ત અને અન્ય બાબતો વિચારણામાં લઇને વંચાણે લીધેલ ક્રમાંક (3)ની આ વિભાગના તા.૧૬/૮/૨૦૧૨ના ઠરાવથી રાજયમાં સ્વર્ણિમ જયંતી વર્ષની ઉજવણી સંદર્ભમાં કેટલીક બાબતો અંગેના હુકમ કરવામાં આવેલ છે. પંચાયતીરાજ સ્વર્ણિમ જયંતી વર્ષની ઉજવણીના સંદર્ભમાં વધુ વિચારણા કરતાં રાજય સરકાર નીચે જણાવ્યા મુજબ ઠરાવે છે.

ઠરાવઃ-

રાજયમાં પંચાયતીરાજ વ્યવસ્થાના અમલીકરણને ૫૦ વર્ષ પુરા થાય છે અને સને ૨૦૧૨ના વર્ષને પંચાયતીરાજ સ્વર્ણિમ જયંતી વર્ષ તરીકે ઉજવવામાં આવી રહેલ છે.

પંચાયતીરાજ વ્યવસ્થામાં ગ્રામ પંચાયત પાયાની તેમજ ખુબ જ અગત્યની સંસ્થા છે અને વિકેન્દ્રિત લોકશાહીનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. તે જોતાં ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓને તેમની ગ્રામ પંચાયતના વિસ્તારમાં તાકીદના અને લોકોપયોગી અગત્યના કામો તેઓ હાથ ધરી શકે તે માટે વાર્ષિક રૂ. ૧૦,૦૦૦.૦૦( અંકે રૂપિયા દશ હજાર પુરા)ની વિવેકાધિન રકમ ફાળવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ અંગેનો ખર્ચ સને ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં સામાન્ય સદરે " માંગણી નં.૭૦ મુખ્ય સદર-૨૫૧૫- પેટા મુખ્ય સદર-૦૦, ગૌણ સદર-૮૦૦, પેટા સદર-૦૫, સ્વર્ણિમ પંચાયતી રાજની ઉજવણી માટે આયોજન હેઠળ થયેલ બજેટ જોગવાઇમાંથી મેળવવાનો અને ઉધારવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૮/૯/૨૦૧૨ની નોંધ અન્વયે મળેલ અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિર્વાણ શાહ )
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, પંચાયતના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં શાખા(પં) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ